જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૯/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૧૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૨૬૪ લીટર દેશી દારૂ, ૦૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૧૭ બિયર ટીન, ૦૧ કાર અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૧૪,૦૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૨૨૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૨૨૧/૨૦૨૬**

વાસણાઃ પાલડી ફતેપુરા તેજપાલ સોસાયટી સામે ફતેહ ફ્લેટ ખાતે રહેતી મહીલાએ તા.૦૧/૦૯/૨૦૨૬ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મહીલા વાસણા રજવાડુ હોટલની બાજુમાં રિષભ હાઈટસ પાશ્વ મેડીકલ એન્ડ જનરલ સ્ટોર નામની દુકાન ધરાવી ધંધો કરતા હોય જે સમયગાળા દરમ્યાન આરોપી હર્ષ જગદીશભાઇ ઓઝા (રહે. સી/૧૦૪,એ/૩ હાઇટસ સંકલ્પ વિલા સામે મોટેરા) નાઓ મહીલાની દુકાને આવતા–જતા હોય સંપર્કમાં આવ્યા હતા અને પોતે એમ.આર.છે અને ઘણી એજન્સીઓમાં દવા સપ્લાય કરવાનું કામ કરે છે તેમ કહી વિશ્વાસ કેળવી માહે સપ્ટેમ્બર/૨૦૨૩ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન પાટનરશીપમાં ધંધો કરવા સારુ નોટોરાઈઝ એગ્રીમેન્ટ કરી મહીલા પાસેથી અલગ મેડીકલ સ્ટોરના નામના બીલ બનાવી મહીલા પાસેથી દવાઓ કિમત રૂપિયા ૧૭,૫૮,૮૧૦/– લઈ ગયેલ જેમાંથી રૂપિયા ૫,૧૬,૮૦૦/– આપી બાકીના દવાના રૂપિયા ૧૨,૪૨,૦૧૦/– નહી આપી તેમજ મહીલાને પોતે ભુવાજી હોવાનું કહી મહીલાની દુકાનમાં વિધી કરાવી વિધીમાં મુકેલ સોનાના દાગીના કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/– લઈ જઈ પરત નહી આપી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આર.દરબાર ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૨૨૨/૨૦૨૬**

ઘાટલોડીયાઃ હિતેષ કેશવચંદ્ર જૈન (રહે. સ્વામિ અખંડઆનંદ (છબાકાકા) નગર સોસાયટી ઘનજીભાઈના કુવા પાસે ચાંદલોડીયા) એ તા.૦૧/૦૯/૨૦૨૬ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૮/૨૦૨૬ બપોરના ૦૧/૦૦ વાગ્યા પોતાના મકાનના ખુલ્લા દરવાજા વાટે અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોફા ઉપરથી બગલથેલો ચોરી કરી લઇ ગઈ હતી. જે બગલથેલામાં મોબાઇલ ફોન કિમત રૂપિયા ૨૫,૦૦૦/– તથા આશરે રોકડ રૂપિયા ૪૦,૦૦૦/– હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.શાહ ચલાવે છે.

શાહીબાગઃ શાહીબાગ કેમ્પ રોડ બી.એસ.એન.એલ.ઓફિસ સામે કલાસાગર એપાર્ટમેન્ટ રોડ પાસે સુદર્શન એપાર્ટમેન્ટ ખાતે રહેતા તબીબ એ તા.૦૧/૦૯/૨૦૨૬ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૮/૨૦૨૬ સવારના ૧૦/૧૫ થી બપોરના ૦૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સોનાના દાગીના કિમત રૂપિયા ૪૭,૦૦૦/–અને રોકડ રૂપિયા ૩૫૦૦/– મળી કુલ રૂપિયા ૫૦,૫૦૦/– મતાની તેમજ સુરભિ એપાર્ટમેન્ટમાં સાહેદના ઘરમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૩૨,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પટેલ ચલાવે છે.

ઝેરી જીવજંતુ કરડી જતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૨૨૩/૨૦૨૬**

વટવાઃ સુમીત્રાબહેન વા/ઓ રણજીતભાઇ ઠાકોર (ઉ.વ.૩૫) (રહે.વટવા કેનાલની બાજુમાં, દેવી માતાના મંદિર રોડની બાજુમાં ખેતરની ઓરડીમાં વટવા) નાઓને તા.૩૧/૦૮/૨૦૨૬ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી જીવજંતુ કરડી જતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તઓઆસ પો.સ.ઈ.શ્રી. એમ.એચ.પરમાર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૨૨૪/૨૦૨૬**

વેજલપુરઃ ફતેવાડી હલીમા મસ્જીદની પાછળ ફૈસલ ડુપ્લેક્ષ ખાતે ઇમરાનભાઇ સૈયદ નાઓના સગીર વયના પુત્ર એ અગમ્ય કારણસર તા.૦૧/૦૯/૨૦૨૬ બપોરના ૦૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેને આમેનાખાતુન હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે.કામળીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી